**સુકર્મો અને ઈબાદતમાં શોખ આપમેળે પૈદા નથી થઈ શકતો આ ખુદાતઆલાના ફઝલ અને તૌફીકથી મળે છે માટે જરૂરી છે કે ઈન્સાન ગભરાયા વગર ખુદાતઆલાથી તેની તૌફીક અને ફઝલ માટે દુઆઓ કરતો રહે. આ શોખ પૈદા કરવા માટે અસ્તગફાર (ક્ષમા યાચના) કરવુ પણ જરૂરી છે. શૈતાનના હુમલાથી બચવા માટે ક્ષમા યાચના કરવું ખુબ જરૂરી છે.**

*ખુલાસા ખુત્બા જુમ્મા હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા. ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૫, સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ-લંડન*

તશહુદ તઆઉઝ અને સુરેહ ફાતેહાની તિલાવત બાદ હઝુર અનવર ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યુ.

અમુક લોકો સવાલ કરે છે કે ઈબાદતમાં શોખ કેવી રીતે પૈદા થાય. અમે પ્રયત્નો કરીએ છીએ તો પણ આ કેફીયત પૈદા નથી થતી તો યાદ રાખવું જોઈએ કે બંદાનું કામ એ છે કે સ્થિરતાથી પ્રયત્ન કરતો રહે તે ઈમાન પર કાયમ રહે કે જે કંઈ મળશે ખુદાતઆલા પાસે થી જ મળશે ત્યારે જ તે કેફિયત પૈદા થઈ શકે છે. જે ખુદાતઆલાની નિકટ કરે છે અને પછી ઈબાદત ના શોખને વધારે છે.

એક વાર હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ને પણ કોઈએ પુછ્યું કે ઈબાદતમાં શોખ કેવી રીતે પૈદા થઈ શકે છે આપ એ ફરમાવ્યું કે સુકર્મો અને ઈબાદતમાં શોખ આપમેળે પૈદા નથી થઈ શકતી. સ્વયં મનુષ્ય કહે કે મારી અંદર પૈદા થઈ જાય હું સ્વયં મારા પ્રયત્નથી પૈદા કરી લઉં એ ન થઈ શકે - આ ખુદાતઆલાના ફઝલ અને તૌફીકથી મળે છે માટે જરૂરી છે કે ઈન્સાન ગભરાયા વગર ખુદાતઆલાથી તેની તૌફીક અને ફઝલ માટે દુઆઓ કરતો રહે થાકીને બેંસી ન જાય. બલ્કે હંમેશા દુઆઓ કરતો રહે અને તે દુઆઓમાં થાકી ન જાય. આપ એ ફરમાવ્યું તે દુઆઓમાં થાકી ન જાય. જ્યારે ઈન્સાન આ રીતે સ્થિરતાથી મગ્ન રહે છે તો અંતે ખુદાતઆલા પોતાના ફઝલથી તે વાત પૈદા કરી દે છે જેના માટે તેના દિલમાં તડપ અને બેચેની થાય છે અર્થાત ઈબાદત માટે એક શોખ અને માધુર્ય પૈદા થવા લાગે છે. ઈબાદતની એક મીઠાશ તેને હાંસેલ થવાનું શરૂ થઈ જાય છે અને એક આનંદ આવવા લાગે છે ફરમાવ્યું કે પરંતુ જો કોઈ વ્યકિત પ્રયત્ન તથા મહેનત ન કરે અને તે સમજી લે કે ફુંક મારીને કોઈ મને એવો બનાવી દે કે તે અલ્લાહ તઆલાની નજીક થઈ જાય અથવા ઈબાદત નો શોખ પૈદા થઈ જાય અથવા કોઈની નજીક ચાલ્યો જાય તો તે મનુષ્ય તેને ફુંક મારીને ભક્ત બનાવી દેશે. એ ન થઈ શકે. ફરમાવ્યું કે આ અલ્લાહ તઆદાનો કાયદો અને સુન્નત નથી આ રીતે જે અલ્લાહ તઆલાને પરખે છે તે ખુદાતઆલાનું હાસ્ય ઉડાવે છે અને અંતે નાશ પામે છે. ખુદાતઆલાથી દુર થઈ જાય છે. ફરમાવ્યું કે ખુબ યાદ રાખો કે દિલ અલ્લાહ તઆલાના જ હાથમાં હોય છે તેનો ફઝલ ન હોય તો તે બીજા દિવસે જઈને ખ્રિસ્તી થઈ જાય, ઈસ્લામથી દુર થઈ જાય, અને નાસ્તિકતામાં ગ્રસ્ત થઈ જાય, ધર્મથી દુર થઈ જાય જેથી તેના ફઝલ માટે પ્રત્યેક સમયે દુઆ કરતા રહો અને તેની સહાયતા ઈચ્છો તેનાથી મદદ માંગો કે સીધા માર્ગો પર તમને કાયમ રાખે. જે વ્યકિત ખુદાતઆલાથી બેપરવા હોય છે તે શૈતાન થઈ જાય છે. જ્યાં અલ્લાહ તઆલાથી બેપરવા થયા, અલ્લાહતઆલાને છોડ્યો, અલ્લાહતઆલાને ભુલ્યા, ત્યાંથી શૈતાને હુમલો કર્યો. અને શૈતાન થઈ ગયા. ફરમાવ્યું કે

માટે જરૂરી છે કે ઈન્સાન ક્ષમા યાચના કરતો રહે. જેથી તે ઝેર અને જોશ પૈદા ન થાય જે ઈન્સાનને હલાક કરી દે છે. ક્ષમા યાચના તેનો ઉપાય છે. ક્ષમા યાચના કરો કે તે ઝેરથી બચો જે શૈતાનની નજીક કરે છે અને ઈન્સાનને હલાક કરી દે છે.

આમ, સ્થિરતા શર્ત છે અને આ ઈમાન કે ખુદાતઆલા સિવાય કોઈ નથી. જ્યારે બધા માર્ગો બંધ કરીને અલ્લાહતઆલા તરફ ઈન્સાન ઝુંકે ત્યારે જ તે કૈફિયત પૈદા થાય છે જે ઈબાદતનો શોખ પણ અપાવે છે હંમેશા અલ્લાહતઆલા તરફ ઝુંકવું પડે છે હંમેશા તેનાથી મદદ માંગવી પડે છે - કેમ કે શૈતાન હંમેશા હુમલો કરવા માટે તૈયાર છે. માટે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ ફરમાવ્યું કે આ શોખ પૈદા કરવા માટે ક્ષમા યાચના કરવું પણ જરૂરી છે. શૈતાનના હુમલાથી બચવા માટે ક્ષમા યાચના ખુબ જરૂરી છે. ઈન્સાન ક્ષમા યાચના કરીને જ્યારે શૈતાનને પોતાનાથી દુર કરશે તો પછી અલ્લાહતઆલાની શરણમાં આવવા માટે બેચેનીથી દુઆ પણ કરશે. ક્ષમા યાચના પણ બેચેનીથી થઈ રહી હશે. અને અધિક ઉન્નતિ કરવા માટે તેની નિકટતાના માર્ગો શોધવાની દુઆ પણ થઈ રહી હશે. પછી જ્યારે આવી હાલત ઈન્સાનની થઈ જાય આ કૈફિયત પ્રસરે તો પછી ખુદાતઆલા પોતાનો ફઝલ ફરમાવે છે.

અલ્લાહતઆલા આપણને સાચા ભક્ત બનવાની અને નેકીઓ કરવાની તૌફીક આપે અને સ્થિરતાથી આના પર કાયમ રહેવાની તૌફીક આપે. આમીન...

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

Khulasa Khutba Jumma Huzoor Anwar 25th September 2015

BOOK POST (PRINTED MATTER)

To, ________________________________

________________________________

Ahmadiyya Muslim Community.

From : Office Masroor Manzil, Al-Aman Society, Narol, Ahmedabad-382405, Gujarat.